# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૦/૪/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

## ફ્રાન્સ દુતાવાસનું પ્રતિનિધી મંડળ ચેમ્બરની મુલાકાતે : ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ અને શિક્ષણ ક્ષેત્રે ફ્રાન્સ સાથે સહયોગ વધારવા તથા ફ્રાન્સમાં રોકાણ માટે ઉદ્યોગપતિઓને કરી અપીલ

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ખાતે આજરોજ ફ્રાન્સ દુતાવાસના પ્રતિનિધિ મંડળ સાથે ઇન્ટરેકટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સુરત સહિત ગુજરાત સાથેના ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસ, ઇનોવેટીવ સ્ટાર્ટઅપ્સ, શિક્ષણ અને ગુજરાતના શહેરોના વિકાસ વિશે ચર્ચા કરવામાં આવી હતી. ફ્રાન્સ દુતાવાસના પ્રતિનિધિ મંડળે ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ અને શિક્ષણ ક્ષેત્રે ફ્રાન્સ સાથે સહયોગ વધારવા તેમજ ફ્રાન્સમાં રોકાણ કરવા માટે ઉદ્યોગપતિઓને અપીલ કરી હતી.

ચેમ્બરની મુલાકાતે આવેલા ફ્રાન્સ દુતાવાસના પ્રતિનિધી મંડળમાં ડો. બરટ્રેન્ડ દે હાર્ટીંઘ (કાઉન્સીલર ફોર એજયુકેશન, સાયન્સ એન્ડ કલ્ચર એટ ધી એમ્બેસી ઓફ ફ્રાન્સ ઇન ઇન્ડીયા એન્ડ કન્ટ્રી ડાયરેકટર ઓફ ધી ફ્રેન્ચ ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડીયા), શ્રી ગેલ દે કરગુએનેક (ડાયરેકટર ઓફ ધી એલાયન્સ ફ્રાન્સીસ ઇન અમદાવાદ), શ્રીમતી શેફાલી જેટલી સુરી (એડવાઇઝર ટુ ધી કાઉન્સીલર) અને શ્રી સુજીત નાયર (કેમ્પસ ફ્રાન્સ રિપ્રેઝેન્ટેટીવ ફોર ગુજરાત)નો સમાવેશ થાય છે. તેઓએ ચેમ્બરમાં ઉદ્યોગપતિઓ સાથે ચર્ચા કરી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધનમાં સુરતના ઔદ્યોગિક વિકાસ અંગે માહિતી આપી હતી. તેમણે ફ્રાન્સ દુતાવાસના પ્રતિનિધી મંડળને આગામી જાન્યુઆરી ૨૦૨૦માં યોજાનાર 'ઉદ્યોગ એકઝીબીશન'માં પાર્ટનર કન્ટ્રી તરીકે ભાગ લેવા માટે આમંત્રણ પણ આપ્યુ હતુ.

ડો. બરટ્રેન્ડ દે હાર્ટીઘે ઉદ્યોગપતિઓને સંબોધતા જણાવ્યુ હતુ કે, ફ્રાન્સે ટેક્ષ્ટાઇલ ઉદ્યોગમાં ખૂબ જ પ્રગતિ કરી છે. સુરતમાં પણ ટેક્ષ્ટાઇલ ઉદ્યોગનો વિકાસ થયો છે. સુરતમાં સારુ ફેબ્રિક બને છે. આથી તેઓ સુરતની સાથે રહીને ટેક્ષ્ટાઇલ ઉદ્યોગમાં વધુ પ્રગતિ કરવા માગે છે. તેમણે સુરતના ઉદ્યોગપતિઓને ફ્રાન્સ ખાતે ટેક્ષ્ટાઇલ ઉદ્યોગની મુલાકાતે આવવા આમંત્રણ આપ્યુ હતુ.

તેમણે વધુમાં કહયુ કે ફ્રાન્સમાં હયુમન રિસોર્સ, વેલ્યુ એડેડ જોબ્સ એન્ડ કલ્ચર, આર્ટીફિશીયલ ઇન્ટેલીજન્સ, ઇન્ફોર્મેશન ટેકનોલોજી, એગ્રો બિઝનેસ, આર્કીટેકચર, ગ્રીન કેમિસ્ટ્રી તથા વિડીયો ગેમ ઇન્ડસ્ટ્રી વિકસી રહી છે. આથી ભારતીયો ફ્રાન્સમાં રોકાણ કરી રહયાં છે. તેમણે સુરતના ઉદ્યોગપતિઓને પણ ફ્રાન્સમાં રોકાણ કરવા માટે અપીલ કરી હતી.

તેમણે કહયુ કે, ગુજરાત તથા દેશના અન્ય શહેરોને વિકસાવવા માટેની યોજનામાં ફ્રાન્સ ભારતને સહયોગ કરી રહયુ છે. શિક્ષણ ક્ષેત્રે પણ ગુજરાતે ફ્રાંસ સાથે સહયોગ વધાર્યો છે. ભારતના હજારો લોકોને ફ્રાન્સમાં વીઝા આપવામાં આવ્યા છે અને હાયર એજયુકેશન મેળવવા માટે એકબીજાને સહયોગ આપવા પ્રયાસ કરવામાં આવી રહયો છે.

ચેમ્બરના સીઇઓ કર્નલ જે.પી. સાયગલે ઇન્ટરેકટીવ સેશનમાં પ્રાસંગિક વિધી કરી હતી. અંતમાં પ્રમુખ ઇલેકટ શ્રી કેતન દેસાઇએ આમંત્રિત મહેમાનો તથા ઉદ્યોગપતિઓનો આભાર વ્યકત કર્યો હતો અને ત્યારબાદ ઇન્ટરેકટીવ સેશનનું સમાપન થયુ હતુ.